**પ્રશ્નઃ  તા.૩૧.૦૩.૨૦૨૩ની સ્થિતીએ તેમજ આજની સ્થિતિએ દાહોદ જીલ્લામાં તલાટી–કમ–મંત્રીની તાલુકા વાઈઝ કેટલી ખાલી અને ભરેલ જગ્યાઓ છે ? અને ખાલી જગ્યા કયાર સુધી ભરવામાં આવશે ?**

**જવાબ :**

**તા.૩૧.૦૩.૨૦૨૩ની સ્થિતીએ** તલાટી–કમ–મંત્રી સંવર્ગની મંજુર ભરેલ ખાલી જગ્યા....

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૪૪ | ૪૦ | ૦૪ |
| ૨ | ઝાલોદ | ૫૦ | ૩૧ | ૧૯ |
| ૩ | ફતેપુરા | ૩૭ | ૨૭ | ૧૦ |
| ૪ | સંજેલી | ૧૪ | ૦૮ | ૦૬ |
| ૫ | લીમખેડા | ૨૭ | ૨૦ | ૦૭ |
| ૬ | સિંગવડ | ૧૮ | ૧૬ | ૦૨ |
| ૭ | ગરબાડા | ૨૨ | ૧૮ | ૦૪ |
| ૮ | દેવગઢબારીઆ | ૩૨ | ૧૯ | ૧૩ |
| ૯ | ધાનપુર | ૨૬ | ૧૫ | ૧૧ |
|  | **કુલ** | **૨૭૦** | **૧૯૪** | **૭૬** |

આમ,.... તા.૩૧/૦૩/૨૦૨૩ ની સ્થિતિએ તલાટી કમ મંત્રીશ્રીની મંજુર જગ્યા ૨૭૦ છે. જે પૈકી ૧૯૪ ભરાયેલ અને ૭૬ ખાલી છે.

ત્યારબાદ સરકારશ્રી દ્વારા ઓનલાઈન પ્રક્રિયાથી આંતર જીલ્લાફેર બદલીના નિયમો હેઠળ કર્મચારીઓના માંગણી મુજબના જીલ્લામાં આંતર જિલ્લા ફેરબદલીથી નિમણુંક કરતા અત્રેના જીલ્લામાં ત.ક.મંત્રીશ્રી સંવર્ગના કુલ ૨૭ કર્મચારીઓને નિમણૂંક આપેલ છે. તથા અત્રેના જીલ્લામાંથી કુલ ૬ કર્મચારીઓને તેઓની આંતર જીલ્લાફેર બદલી થવાથી જે–તે માંગણી મુજબના જીલ્લામાં હાજર થવા છૂટા કરવામાં આવેલ છે.

તા.૦૬/૦૯/૨૦૨૩ અંતિત મંજુર પૈકી કુલ ૨૧૫ જગ્યાઓ ભરાયેલ છે. તથા **પપ જગ્યાઓ ખાલી રહેલ છે.**

હાલની સ્થિતીએ દાહોદ જીલ્લામાં કુલ પપ જગ્યાઓ ખાલી છે.

દાહોદ જીલ્લાની ખાલી રહેલ તમામ જગ્યાઓ ભરવા માટે સરકારશ્રી દ્વારા જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧–૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) વર્ગ–૩ હાલમાં કાર્યવાહી હેઠળ છે.

જેથી ટુંક સમયમાં ખાલી જગ્યાઓ માટે નિમણુંક પત્રો આપવામાં આવનાર છે.

## પ્રશ્ન : તલાટી–કમ–મંત્રીની કામગીરી શું છે ?

**જવાબ :**

પંચાયત સંવર્ગના મંત્રી (વર્ગ–૩) ઓએ નીચે જણાવ્યા મુજબની કામગીરી તેમને સુપ્રત થયેલ સેજાના ગામે કરવાની રહેશે.

૧. રેવેન્યુ એકાઉન્ટસ મેન્યુઅલના નિયત થયેલ નમુનાઓ નિભાવવાનાં રહે છે.

૨. ગ્રામસભા, પંચાયતની સભા તથા પંચાયતની દરેક પેટા સમિતિઓની કામગીરી, પંચાયતની કારોબારીનાં આદેશોનું પાલન વાર્ષિક હિસાબોનું પત્રક રજુ કરવુ, ગુજરાત પંચાયત અધિનિયમ અને સરકારે બહાર પાડેલા નિયમો  હુકમો, ઠરાવો, પરિપત્રો વિગેરની જોગવાઈઓનો અમલ થાય તે મુજબની કામગીરી, પંચાયતનાં રેકર્ડની જાળવણી, હિસાબો નિયત નમુનામાં નિભાવવા અને જાળવણી, મિલકતોની દખરેખ,  ગૌચર/ગામતળ માટે જમીન નીમ કરવી, કુદરતી આપતીઓ સમયેની કામગીરી, ગામની હદ નિશાનની જાળવણી, જન્મ મરણની નોંધણી, ગામનાં વિકાસનાં કામોનાં અમલીકરણની કામગીરી, નાણાપંચની કામગીરી, લગ્ન રજીસ્ટ્રેશનની કામગીરી, ગ્રામ, તાલુકા જિલ્લા પંચાયતની ચુંટણીની કામગીરી, એગ્રીકલ્ચરલ સેન્સસ

અને વસ્તી ગણતરીની કામગીરી તથા જોબચાર્ટમાં વિગતવાર દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહે છે.

(બ) વિવિધ યોજનાઓની અમલીકરણની કામગીરી :

ગ્રામ વિકાસ વિભાગ હેઠળની વિવિધ યોજનાઓ તથા પંચાયત વિભાગની મહત્વની યોજનાઓના અમલીકરણની કામગીરી કરવાની રહે છે.

(બ) મહેસૂલની લગત કામગીરી :

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ–૧૯૭૯ મુજબની કામગીરી, ગામની જમીન, જમીન મહેસુલ, હકકપત્રક વિગેરે રેવન્યુ અકાઉન્ટસ મેન્યુઅલના નિયત થયેલ નમુનાઓ વિગતો અદ્યતન રીતે નિભાવવા તથા પંચાયતના ૩૨ નમુનાઓ નિભાવવા આ ઉપરાંત જોબચાર્ટ મુજબની કામગીરી નિભાવવાની રહે છે.

**પ્રશ્ન : તલાટી કમ મંત્રીની જગ્યા ભરાયેલ હોય તો લોકોને શું લાભ થાય છે ?**

---

**જવાબ :**

તલાટી કમ મંત્રીની જગ્યાઓ ભરાયેલ હોય તો ... નાગરિકોને જન્મ મરણ, લગ્ન નોંધણી, વેરા વસૂલાતની કામગીરી, રસીકરણની કામગીરીની સુવિધા મળી રહેશે.

ગ્રામ પંચાયતની ગ્રામ સભાઓનું નિયમિત આયોજન થતાં પંચાયતી રાજનાં મૂળ હેતુઓ સાધવામાં સહાયક છે.

સરકારશ્રીની પંચાયત તથા ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓનું છેવાડાના નાગરિક સુધી પહોંચતી કરવામાં મદદરૂપ છે.

ગ્રામ પંચાયતની સરકારી મિલકતોની જવાબદારીપૂર્વક વહન કરવામાં આવે છે.